વ્યક્તિ માટે સુખ કેવી રીતે પ્રાપ્ત થાય છે?

માનવ સુખ પાલનહારના આદેશો પર અમલ કરવાથી, તેની આજ્ઞાનું પાલન કરવાથી અને તેના હુકમ અને તકદીરથી સંતુષ્ટ થવાથી પ્રાપ્ત થાય છે.

ઘણા લોકો દાવો કરે છે કે દરેક વસ્તુ આંતરિક રીતે અર્થહીન છે, અને તેથી અમે પરિપૂર્ણ જીવન જીવવા માટે પોતાને માટે અર્થ શોધવા માટે સ્વતંત્ર છીએ. આપણા અસ્તિત્વના હેતુને નકારવું એ હકીકતમાં આત્મ-છેતરપિંડી છે, એવું લાગે છે કે આપણે આપણી જાતને કહીએ છીએ, "ચાલો ધારીએ કે ઢોંગ કરીએ કે આ જીવનમાં આપણો હેતુ છે." જાણે કે આપણી પરિસ્થિતિ એવા બાળકો જેવી છે જેઓ રમવાનો ઢોંગ કરે છે કે તેઓ ડોકટરો, નર્સો અથવા માતાઓ અને પિતા છે. જ્યાં સુધી આપણે આપણા જીવનનો હેતુ જાણતા નથી ત્યાં સુધી આપણે સુખ પ્રાપ્ત કરી શકતા નથી.

જો કોઈ વ્યક્તિને તેની ઈચ્છા વિરુદ્ધ વૈભવી ટ્રેનમાં બેસાડવામાં આવે, અને તે પોતાને પ્રથમ વર્ગમાં, વૈભવી અને આરામદાયક અનુભવ, મોજશોખ અનુભવે. શું તે આ પ્રવાસમાં આ પ્રકારના પ્રશ્નેના જવાબો મેળવ્યા વિના ખુશ થશે: તમે ટ્રેનમાં કેવી રીતે પહોંચ્યા? સફરનો હેતુ શું છે? તમે ક્યાં જઈ રહ્યા છો? જો આ પ્રશ્ને અનુત્તર રહે તો તે કેવી રીતે ખુશ થઈ શકે? જો તે પોતાના અધિકારમાં તમામ મોજશોખનો આનંદ માણવાનું શરૂ કરે તો પણ તે ક્યારેય સાચુ સુખ પ્રાપ્ત કરી શકશે નહી. શું આ સફરમાં સ્વાદિષ્ટ ભોજન તેને આ પ્રશ્ને ભૂલી જવા માટે પૂરતું હશે? આ પ્રકારની ખુશી અસ્થાયી અને બનાવટી હશે, જે આ મહત્વપૂર્ણ પ્રશ્નેના જવાબો શોધવા માટે ઇરાદાપૂર્વક અવગણના કરી પ્રાપ્ત કરવામાં આવે છે. આમ, વ્યક્તિ માટે સાચું સુખ પ્રાપ્ત થશે નહી જ્યાં સુધી તેને આ અસ્તિત્વના પ્રશ્નેના જવાબો નહી મળે.

ઇસ્લામ વિશે સવાલ અને જવાબ
Source: https://www.mawthuq.net/demo/qa/gu/show/33/
Arabic Source: https://www.mawthuq.net/demo/qa/ar/show/33/
Sunday 1st of November 2026 01:32:30 PM